મોડાસામાં ઈદે-મિલાદની ઉજવણી

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ઇસ્લામ ધર્મના સ્થાપક હજરત મોહમ્મદ પયગમ્બર સાહેબના જન્મદિવસ ઈદે-મિલાદની ઉજવણી ભારે ધામધૂમ અને ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. તમામ મસ્જિદો અને દરગાહોને રોશનીથી શણગારવામાં આવી હતી. મોડાસા શહેરમાં ભવ્ય ધાર્મિક જુલૂસમાં જિલ્લાના મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યામાં જોડાયા હતા. એશિયન બેકરી દ્વારા ૫૦ કિલોની કેક કાપી હજરત પયગમ્બર સાહેબના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ધનસુરામાં ટેકાના ભાવે ૯૭૯ ક્વિન્ટલ મગફળીની ખરીદી કરાઈ

ધનસુરા એપીએમસીમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થતા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો મગફળી વેચવા માટે આવી રહ્યા છે. ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ તારીખ-૧૫-૧૧-૨૦૧૮ મગફળીની ખરીદી શરૂ કરાઈ છે. મોટા પ્રમાણમાં ખેડૂતો મગફળી વેચવા માટે આવતા માર્કેટયાર્ડ મગફળીની આવકથી ઉભરાયું. ધનસુરા એપીએમસીના સેક્રેટરી રવિન્દ્રભાઈ પટેલ અને પુરવઠા અધિકારી રાજુભાઈ પટેલે જણાવ્યું હતું કે ધનસુરામાં ટેકાના ભાવે અત્યાર સુધીમાં ૯૭૯ ક્વિન્ટલ મગફળીની ખરીદી કરાઈ છે. આ ઉપરાંત મગફળી વેચવા માટે આવતા ખેડૂતો માત્ર રજિસ્ટ્રેશન, પાણી જેવી સગવડો કરાઈ છે.

અરવલ્લીમાં બોગસ ડિગ્રીનું સર્ટિ રજુ કરનાર ૩૧ હેલ્થ વર્કરોની નિમણુંક રદ કરવા હાઈકોર્ટનો આદેશ

મોડાસા, તા.૨૨

અરવલ્લી જિલ્લામાં સૅંઉંઉ કર્મચારીઓને છુટા કરવાના નામદાર હાઈકોર્ટે આદેશ કરતા તત્કાલીન ભરતી પ્રક્રિયા પર આક્ષેપો થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે માર્કશીટ કૌભાંડ અંગે અધિકારીઓએ રાજસ્થાન, હિમાચલપ્રદેશ અને તામિલનાડુની યુનિવર્સીટીઓમાં તપાસ કર્યા બાદ આરોગ્ય વિભાગે નિર્ણય લીધો હતો.

૧૨ કર્મચારીઓએ હાઈકોર્ટનો આશરો લીધો હોય તેઓના કેસ પેન્ડીંગ રાખી મંગળવારના રોજ નામદાર હાઈકોર્ટે રાજયભરમાં ચકચાર મચાવનાર MPHWના કર્મચારીઓની ભરતીમાં વર્ષ ૨૦૧૨થી ૧૭માં ગેરરીતી આચરાઈ હોવાનો ચુકાદામાં સિધ્ધ થયા બાદ રાજયભરમાં MPHWના કર્મચારીઓની ૨૦૧૨ થી ૨૦૧૭માં થયેલી ભરતીમાં આપવામાં આવેલા પ્રમાણપત્રોના તપાસના આદેશો આપી દેવામાં આવ્યા હતા. જેને પગલે નિમાયેલ અધિકારીઓએ સત્યતાની ખરાઈ માટે તપાસ કરતાં જે તે યુનિવર્સીટીઓના કોર્સ અમાન્ય હોવાથી અરવલ્લીના ૩૧ કર્મચારીઓ નિમણૂંક માટે માન્ય રાખવાપાત્ર ન હોવાથી ૩૧ કર્મચારીઓને છુટા કરવાના આદેશો મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ મંગળવારના રોજ કર્યા હતા. જ્યારે ૪૩માંથી હજુ ૧૨ કર્મચારીઓએ હાઈકોર્ટનો આશરો લીધો હોવાથી તેઓના કેસ પેન્ડીંગ હોવાનું ફલિત થયું હતું. છેલ્લા કેટલાય સમયથી રાજયભરમાં ચકચાર મચાવનાર માર્કશીટ કૌભાંડનો મામલો ચાલી રહ્યો છે. આ ચકચારી કૌભાંડ અંગે અહેવાલો પ્રસિધ્ધ કર્યા હતા. જેને પગલે ગુજરાત રાજય પંચાયતી સેવાની ભરતીમાં થયેલા માર્કશીટ કૌભાંડમાં હાઈકોર્ટના આદેશને પગલે તપાસનો ધમધમાટ શરૂ થઈ ગયો હતો. જિલ્લા પંચાયત અરવલ્લીની આરોગ્ય શાખા હસ્તક વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭માં ભરતી કરવામાં આવેલ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની ભરતીમાં ઉમેદવારો દ્વારા રજૂ કરવામાં આવેલ જે તે યુનિવર્સીટીના પ્રમાણપત્રો શંકાસ્પદ હતા ત્યારે ૬ સપ્ટેમ્બરના રોજ અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અરવલ્લી જિલ્લાના ૪૩ MPHWના કર્મચારીઓની માર્કશીટોની ચકાસણી અંગેના આદેશો કર્યા હતા.

પ્રમાણપત્રોની ચકાસણી માટે જિલ્લા વિકાસ અધિકારીએ જુદી જુદી ત્રણ ટીમો બનાવી પ્રમાણપત્રોની ખરાઈ હાથ ધરાતાં જે તે યુનિવર્સીટીઓના કોર્સ યુજીસી માન્ય ન હોવાથી પ્રમાણપત્રો માન્ય ઠર્યા ન હતા. જેને પગલે અરવલ્લી જિલ્લા પંચાયતના મુખ્ય આરોગ્ય અધિકારીએ ૪૩માંથી ૩૧ કર્મચારીઓને મંગળવારના રોજ છુટા કરવાના આદેશો કર્યા હતા. જ્યારે બાકીના ૧૨ કર્મચારીઓના કેસ હાઈકોર્ટમાં ચાલી રહ્યા હોવાથી તેઓના કેસ પેન્ડીંગ હોવાનું જાણવા મળ્યું હતું.

ટાકાટુકા ગ્રૂપ ગ્રામ પંચાયત ડેપ્યુટી સરપંચની બિનહરીફ વરણી

ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામમાં તાજેતરમાં ગ્રામ પંચાયતની ચુંટણી ભારે રસાકસીભરી યોજાઈ હતી.ટાકાટુકા ગ્રૂપ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચની વરણી સંદર્ભે બેઠક બોલાવાઈ હતી.ટાકાટુકા ગામના યુવાન અને ઉત્સાહી સામાજીક આગેવાન સંજયભાઈ શાંમળભાઈ ચૌધરીની ડેપ્યુટી સરપંચ પદે બિન હરીફ સર્વાનુમતે વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી.

ડીસા ખાતે રબારી સમાજનો સ્નેહમિલન અને ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો

શૈક્ષણિક ક્ષેત્રે માલધારી રબારી સમાજ કેળવણીના માર્ગે આગળ વધી રહ્યો છે. ત્યારે બનાસકાંઠાના ડીસા ખાતે રબારી સમાજના નવા આકાર પામી રહેલા સરસ્વતી મંદિર (શિક્ષણ ધામ) માટે એક જ દાતા ડીસા માર્કેટયાર્ડના ચેરમેન, બનાસડેરીના વાઈસ ચેરમેન, બનાસ મેડીકલ કોલેજના પ્રમુખ અને રબારી સમાજના આગેવાન માવજીભાઈ મગનભાઈ દેસાઈ (બાઈવાડા) પરિવાર દ્વારા કરોડો રૂપિયાની સાડા આઠ વિઘા જમીન ઉદાર હાથે દાનમાં આપી શૈક્ષણિક ક્ષેત્રે સખાવતનું ખુબજ મોટું પ્રેરણાદાયક કાર્ય કર્યું છે. જમીન દાતા પરિવારની આવી ઉદાર સખાવત જોઈ ધર્મગુરૂ અનંત વિભૂષિત શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પ.પૂ.શ્રી કનિરામદાસજી બાપુ (દુધરેજ-વડવાળા) પણ પરિવારના આ કાર્યને પુણ્યશાળી ગણાવી સમાજના લોકોને પણ શૈક્ષણિક હેતુ માટે દાન કરી માં સરસ્વતીના આર્શીવાદ મેળવવા જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી શૈક્ષણિક ક્ષેત્રમાં વેગ પકડી રહેલા માલધારી સમાજ ડીસા ખાતે અદ્યતન સુવિધા ધરાવતું શૈક્ષણિક સંકુલ બનાવાનો નિર્ણય સમાજના કેળવણીકારોએ કર્યો છે. જે માટે મુખ્ય જરૂરિયાત એવી જમીન મેળવવાની ચિંતા સતાવતી હતી. ત્યારે જ ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને બનાસડેરીના વાઈસ ચેરમેન, બનાસ મેડીકલ કોલેજના પ્રમુખ અને રબારી સમાજના આગેવાન માવજીભાઈ મગનભાઈ દેસાઈ દ્વારા ડીસાના મુખ્ય વિકસતા વિસ્તાર એવા આખોલ ચાર રસ્તા નજીક સમશેરપુરા ગામે આવેલી પોતાની કરોડો રૂપિયાની સાડા આઠ વીઘા જેટલી જમીન માઁ સરસ્વતીના ધામ માટે ઉદાર હાથે દાનમાં આપી દીધી હતી. આ નવીન જગ્યા પર શ્રી રબારી સમાજનો અતિ ભવ્ય સ્નેહ મિલન સમારોહ તેમજ ભૂમિ અર્પણ કાર્યક્રમ અનંત વિભૂષિત શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પ.પૂ.શ્રી કનિરામદાસજી મહારાજની પાવન નિશ્રામાં યોજાયો હતો.

ધાનેરા મામાબાપજીના મંદિર ખાતે કોંગ્રેસનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

હરિભાઈ ચૌધરીએ કેન્દ્રમાં બનાસકાંઠાનું નામ ડૂબાડ્યું છે : દિનેશ ગઢવી

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં આજે કોંગ્રેસ ધ્વરા સ્નેહ મિલાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોંગ્રેસના અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા તો બીજી તરફ સ્નેહ મિલાન કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશ ગઢવી ધ્વરા બનાસકાંઠા સંસદ હરિભાઈ ચૌધરી ઉપર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે હરિભાઈ ચૌધરીએ કેન્દ્રમાં બનાસકાંઠાનું નામ ડૂબાડ્યું છે. હરિભાઈ ચૌધરી બનાસ વાસીઓને જવાબ આપે કે કેન્દ્રમાં બનાસકાંઠાનું નામ કેમ નીચું કર્યું.

આજે ધાનેરા કોંગ્રેસ સમિતિ ધ્વરા ધાનેરા ના મામાબાપજી મંદિર ખાતે નવા વર્ષ ના સ્નેહમિલન નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધાનેરા ધારાસભ્ય નાથાભાઈ પટેલ ,ધાનેરા નગરપાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટ સિદ્ધપુર ધારાસભ્ય ચંદનજી ઠાકોર બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહીત કોંગ્રેસ ના આગેવાનો અને મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા નવા વર્ષ શુભકામનાઓ પાઠવી તો બીજી તરફ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી ધ્વરા બનાસકાંઠા જિલ્લા ના સંસદ હરિભાઈ ચૌધરી ઉપર લાગેલા બે કરોડ ના આરોપ ને લઈ આકરા પ્રહાર કાર્ય હતા અને જણાવ્યું હતું કે પહેલા બી.કે ગઢવી.જે.વી.શાહ અને હરિસિંગ ચાવડાએ કેન્દ્ર માં બનાસકાંઠા નું નામ ખુબજ આગવું બનાવ્યું અને કેન્દ્ર માં બનાસકાંઠા નું નામ ખુબજ આગવું હતું પરંતુ આજે હરિભાઈ ચૌધરી એ કેન્દ્ર માં બનાસકાંઠા નું નામ ડૂબાડ્યું છે અને આજે હરિભાઈ ચૌધરી ના લીધા કેન્દ્ર માં બનાસકાંઠા જિલ્લા નું નામ ખુબજ નીચું થઈ ગયું છે તેનાથી બનાસકાંઠા વાસીઓ ના માથા શરમ થી જુકી રહ્યા છે જેથી હરિભાઈ ચધારી બનાસકાંઠા વાસીઓ ને જવાબ આપે કે કેન્દ્ર માં બનાસકાંઠા નું નામ કેમ નીચું કર્યું બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશ ગઢવી એ દેશ ના અવળા પ્રધાન ઉપર પણ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે સૌથી ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમા બનાવી માર્કેટિંગ કરતા વલ્લભભાઈ પટેલ પણ સ્વર્ગ માં રોતા હશે કે હૂતો પેડ અને પ્રતિસ્થા થી દૂર રહેતો હતો મારા નામે મત માંગવા ન જાઓ અને મારુ માર્કેટિંગ ન કરો પણ જે સગી માને માર્કેટિંગ કરવા માટે એટીએમ ની લાઈન માં ઉભા રાખતા હોય તેના માટે વલ્લભભાઈ પટેલ તો દૂર ની વાત છે ,,,અને વધુ માં જણાવ્યું હતું કે અવનવી સ્કીમ બતાવી પહેલા લોકોના ઘરમાં ગેસ ના બાટલા મૂકી કેરોસીન અને તમામ સામગ્રી બંધ કરી દીધી અને આજે ગેસ ના બાટલા ના ભાવ આસમાને પહોંચાડી દીધા.

બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા મહેસાણામાં મોટીવેશન કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૨૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, મહેસાણા દ્વારા તા. ૨૪-૧૧-૧૮, શનિવારે સાંજે ૫ વાગે મહેસાણાના મોઢેરા રોડ પર આવેલા અવસર પાર્ટી પ્લોટ ખાતે Inner Peace Inner Power ના વિષય પર એક મોટીવેશનલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સંસ્થાના આંતરરાષ્ટિરય ખ્યાતિ પ્રાપ્ત મોટીવેશનલ સ્પીકર બ્ર.કુ. શિવાનીબેન ખાસ દિલ્હીથી વક્તવ્ય આપવા પધારવાના છે.

ઉપરોક્ત માહિતી આપતાં બ્રહ્માકુમારીઝના મહેસાણા ઉપક્ષેત્રના સંચાલિકા રાજયોગીની બ્ર.કુ. સરલાબેને વધુમાં જણાવ્યું હતું કે વર્તમાન સમયે માનવીએ ભૌતિક ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરી છે. સુખ સુવિધાના અપાર સાધનો પ્રાપ્ત કરવા છતાં માનવી એક પળની શાંતિ અને સુખચેન માટે તડપી રહ્યો છે. કારણ કે વર્તમાન સમયે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ વિગેરે વિકારો, વ્યસનો તથા તનાવ તેમજ દરેક ક્ષેત્રમાં ગળાકાપ હરીફાઈ, ભૌતિકતા પાછળની આંધળી દોટમાં બહારથી સમૃદ્ધ લાગતો માનવી અંદરથી ખાલી થતો જાય છે.જેના કારણે વ્યક્તિ ટ્રેસ, ટેન્શન, ચિંતા, વ્યગ્રતા તથા દુખ અશાંતિનો ભોગ બનતો જાય છે. વર્તમાન માનવને આ નકારાત્મક પરિબળોથી ફક્ત અને ફક્ત આંતરિક શાંતિ અને શક્તિ (Inner Peace Power) જ રક્ષણ આપી શકે છે, બચાવી શકે છે. વિવિધ પ્રકારના મનોદૈહિક રોગોનો શિકાર બની રહેલા માનવ માટે આ જ એક �ોષધ છે.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ કરશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે મહેસાણાના વર્તમાન સાંસદ જયશ્રીબેન પધારશે તથા અતિથિ વિશેષ તરીકે પૂર્વ સાંસદ ભ્રાતા જીવાભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. મંચસ્થ મહેમાનોની સાથે સાથે શહેરના અગ્રગણ્ય, પ્રતિષ્ઠિત ૧૦૮ મહાનુભાવો દ્વારા ૧૦૮ દીપ પ્રજવલિત કરી કાર્યક્રમનું શુભ ઉદ્ઘાટન કરવામાં આવશે.

ભિલોડામાં ઈદે મિલાદની ભવ્ય ઉજવણી

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ઈદે મિલાદ અને મહમંદ પયગંબર સાહેબના જન્મદિન નિમિત્તે મુસ્લીમ મુસ્લીમ સમાજના બિરાદરોના મકાનો અવનવી ઝાકમઝોળ રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા. ભિલોડામાં હાથમતી નદી કિનારે યામલંગશાહ બાવા દરગાહની સામે પટ્ટાંગણમાં ઈદે મિલાદના તહેવાર નિમિત્તે ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.ઈદ-મિલન સમારોહ દબદબાભેર યોજાયો હતો.

સફી ઉલ્લા દરીયાઈ બાવા(પીર સાબ)ધર્મગુરૂ, મુસ્લીમ સમાજના બીરાદરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. હિન્દુ-મુસ્લીમ સમાજમાં ભાઈ-ચારા, એકતાનું વાતાવરણ જોવા મળતું હતું. મુસ્લીમ સમાજના બિરાદરો ઝુલુસમાં જોડાયા હતા. ઈદે મિલાદ અને મહમંદ પયગંબર સાહેબના જન્મદિન નિમિત્તે મુસ્લીમ બિરાદરો ધ્વારા ઝુલુસ કાઢી ધામધુમથી ઉજવણી યોજાઈ હતી. ઈદ-મિલન સમારોહમાં રાજકીય આગેવાનો, સામાજીક કાર્યકરો, ગ્રામજનો, અબાલ-વૃધ્ધ, નાના-મોટા સૌ-કોઈ જોડાયા હતા. સામુહિક ભોજન સમારંભ યોજાયો હતો. ઈદે મિલાદ અને મહમંદ પયગંબર સાહેબના જન્મદિન નિમિત્તે મુસ્લીમ બિરાદરો ધ્વારા ઝુલુસ કાઢી ઉજવણી ધામધુમ પુર્વક યોજાઈ હતી.

કેન્દ્રની ટીમ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કૌશિકભાઈએ જણાવ્યું કે, રાજ્યમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં વધારાના ૭ કરોડ કિલો ગ્રામ ઘાસની જરૂરિયાત સામે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૫ કરોડ કિ.ગ્રા. ઘાસનું આયોજન કરી દેવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યુ કે, પંજાબ રાજ્યમાંથી લાવીને ઘઉંની પરાળનો અછતગ્રસ્ત વિસ્તારના પશુધન માટે ઘાસચારા તરીકે ઉપયોગ કરી શકવાની સંભાવનાઓ-સર્વેક્ષણ માટે આવતીકાલે રાજ્યમંત્રી વાસણભાઈ આહિરના નેતૃત્વમાં એક ટીમ પંજાબ જશે.

મહેસૂલ મંત્રીએ રાજ્ય સરકારના અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય અંગે જણાવ્યું કે, રાજ્યમાં જ્યાં પાણી ઉપલબ્ધ છે તેવા વિભાગોના ખેડૂતો જો ઘાસચારો ઉગાડવા માટે તૈયારી દર્શાવે તો તેવા ધરતીપુત્રોને ખાસ કિસ્સામાં અગ્રતાએ વીજ કનેકશન આપવામાં આવશે.

મહેસૂલ મંત્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, આવનારા દિવસોમાં પીવાનું, સિંચાઈ માટેનું અને પશુધનને પાણી પૂરતું મળી રહે તેવું સઘન આયોજન રાજ્ય સરકાર કરશે.

ખેડૂતો બેહાલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લીધે લાખો ખેડૂત બિયારણ અને ખાતર ખરીદી શકયા નહીં.

કૃષિ મંત્રાલયે પોતાના રિપોર્ટમાં એટલે સુદ્ધાં કહ્યું કે મોટા ખેડૂતોને પણ ખેતીના કામનું મહેનતાણું આપવા અને ખેતીની જરૂરિયાતને પૂરી કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મંત્રાલયે કહ્યું કે રોકડની અછતના લીધે રાષ્ટ્રીય બીજ નિગમના લગભગ ૧ લાખ ૩૮ હજાર ક્વિન્ટલ ઘઉંનું બીજ વેચાય શકયું નહોતું.

જો કે સરકારે બાદમાં બિયારણ ખરીદવા માટે ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની જૂની નોટોના ઉપયોગની છૂટ આપી હતી. કૃષિ મંત્રાલયના રિપોર્ટમાં કહ્યું છે કે સરકારની આ છૂટ બાદ પણ બિયારણના વેચાણમાં કોઈ ખાસ તેજી આવી નહોતી.

જો કે શ્રમ મંત્રાલયે સમિતિની સમક્ષ નોટબંધીના વખાણ કરતાં પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે નોટબંધી બાદના ક્વાર્ટરમાં રોજગારના આંકડામાં વધારો થયો હતો. બેઠકમાં વિપક્ષના સાંસદોએ કૃષિ મંત્રાલય અને સ્જીસ્ઈ મંત્રાલયના અધિકારીઓને કડક પ્રશ્નો પૂછયા. કેટલાંય સાંસદોએ જાણવાની કોશિષ કરી કે નોટબંધી બાદ લાખો લોકોની નોકરી જવાના રિપોર્ટની શું સરકારને માહિતી હતી?

આપને જણાવી દઈએ કે આ સમિતિના અધ્યક્ષ કોંગ્રેસ સાંસદ વીરપ્પા મોઈલી છે. સમિતિના સભ્યોમાં ચેરમેન સહિત કુલ ૩૧ સંસદ છે. આ સભ્યોમાં પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ પણ સામેલ છે.

દાવો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભારતીય જનતા પાર્ટી વચ્ચે જોડાણની અટકળો તેજ બની છે તો બીજી બાજુ કોંગ્રેસ, પીડીપી (પીપલ્સ ડેમોક્રેટિક પર્ટી) અને નેશનલ કોન્ફરન્સ પણ હરકતમાં આવી ગયા છે. આ ત્રણેય રાજકીય પક્ષો વચ્ચે સરકાર બનાવવાની સમજૂતિ સાધવામાં આવી છે. આ પ્રયાસને ભાજપે પાકિસ્તાન પ્રાયોજીત ગણવી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને જમ્મૂ-કાશ્મીરના પૂવ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદે બુધવારે જણાવ્યું હતું કે, એક સલાહના આધારે આ દિશામાં વાતચીત ચાલી રહી હતી. પીડીપી, એનસી અને કોંગ્રેસનું કહેવું હતું કે, આપણે એકસાથે આવીએ અને સરકાર રચવામાં આવે.

કોંગ્રેસના પ્રભારી મહાસચિવ અમ્બિકા સોનીએ કોંગ્રેસમાં મધ્ય પ્રદેશ અધ્યક્ષ અને વિધાયક દળના નેતાના નેતૃત્વમાં એક પેનલ રચી છે. આ પેનલ જ ઉમર અબ્દુલ્લા અને મહેબૂબા મુફ્તિ સાથે વાતચીત ચલાવી રહી છે. ૨૩ નવેમ્બરે અમ્બિકાએ દિલ્હીમાં જમ્મૂ-કાશ્મીરના ૫૦ નેતાઓની એક માટે બોલાવ્યા છે. આ બેઠક પંજાબ ભવનમાં થશે, જ્યાં બિન ભાજપી ડેમોક્રેટિક એલાયંસ રચવાને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવશે.

જમ્મૂ-કાશ્મીરના ભાજપના નેતા અને ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી કવીંદ્ર ગુપ્તાએ પીડીપી, એનસી અને કોંગ્રેસ ગઠબંધન પર ગંભીર આરોપો લગાવ્ય છે. ગુપ્તાનો આરોપ છે કે, ભાજપને સરકાર રચવાથી દૂર રાખવા માટે દૂબઈથી ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે, જે પાકિસ્તાન પ્રેરિત છે. તેમણે કહ્યું છે કે, જો આ ત્રણેય પક્ષો મળીને રાજ્યમાં ગઠબંધનની સરકાર રચે તો લોકો સાથે વિશ્વાસઘાત થશે.

બ્લાસ્ટમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હુમલામાં જે ગ્રેનેડનો ઉપયોગ કરાયો હતો તે જ પ્રકારના ગ્રેનેડનો ઉપયોગ કાશ્મીરમાં સુરક્ષા દળોની સામે કરવામાં આવ્યો છે. આ ગ્રેનેડમાં પણ પેલેટ્સ ભરેલા હતા. મુખ્યમંત્રીએ પાક કનેક્શનના પુરાવા રજૂ કર્યા હતા. જો કે તેમણે ખાતરી આપી હતી કે પંજાબમાં શાંતિ માટે તમામ પગલા લેવાશે. પાકિસ્તાનમાં શાંતિને ખોરવી કાઢવા માટે માહોલ બગાડવા માટે ખાલિસ્તાન લિબ્રેશન ફોર્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પંજાબના અમૃતસરમાં ધાર્મિક ડેરા (નિરંકારી ભવન)માં ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યા બાદ સુરક્ષા સંસ્થાઓ દ્વારા વ્યાપક શોધખોળ હજુ પણ ચાલી રહી છે. ગુપ્ત સ્થળો પર દરોડા પણ પાડવામાં આવી રહ્યા છે. હુમલાખોરો અંગે માહિતી આપનારને ૫૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત મુખ્યમંત્રી અમરિન્દરસિંહ દ્વારા કરવામાં આવી હતી. ઘટના બાદ હચમચી ઉઠેલા પંજાબ સહિત દેશના રાજ્યોમાં હાઈ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. ત્રાસવાદી ઘટના તરીકે ગણાતા આ હુમલા બાદ રાષ્ટ્રીય તપાસ સંસ્થા એનઆઈએ દ્વારા તેમાં તપાસ હાથ ધરવામાં આવી છે.

પંજાબમાં અમૃતસરના રાજા સામસી વિસ્તારના એક ધાર્મિક ડેરા ઉપર કરવામાં આવેલા ગ્રેનેડ હુમલાથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યો હતો. આ ગ્રેનેડ હુમલામાં ત્રણ લોકોના મોત થયા હતા. આ બ્લાસ્ટમાં ૨૦થી વધુ લોકો ગંભીરરીતે ઘાયલ થયા હતા. આ બ્લાસ્ટ બાદ પંજાબના તમામ શહેરો સહિત વિવિધ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી હતી. અમૃતસર નજીકના રાજા સામસી વિસ્તારમાં આ બ્લાસ્ટ કરાયો હતો.રાજા સામસી ગામના નિરંકારી ભવનમાં બપોરે બુરખાધારી મોટરસાયકલ પર આવેલા શખ્સોએ બે ગ્રેનેડો ઝીંક્યા હતા. ગ્રેનેડ ઝીંક્યા બાદ મોટરસાયકલ પર આવેલા શખ્સો ફરાર થઈ ગયા હતા. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે, લોકોમાં અફડાતફડી મચી ગઈ હતી. નિરંકારી સમુદાયના લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. બ્લાસ્ટ કરવામાં આવ્યો ત્યારે સત્સંગ કાર્યક્રમ ચાલી રહ્યો હતો અને કાર્યક્રમમાં સેંકડો લોકો ઉપસ્થિત હતા.